**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૧૭/૦૫/૨૦૧૬ મંગળવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૯૧૭/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૭ કેસ કરી, ૨૦ વ્યક્તિઓને ઝડપી, ૧૦૧ લીટર દેશી દારૂ, ૧૦ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૧૯ બિયર ટીન કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૯૧૮/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૫૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૧ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**ખુનની ફરીયાદ :-** **સમાચાર યાદી નં.૯૧૯/૧૬**

**શહેરકોટડાઃ** નીમાબહેન રાજગોપાલ યાજ્ઞિક (ઉ.વ.૫૦) (રહે. શાંડીલ્ય ફ્લેટ શારદાબેન હોસ્પિટલ સામે સરસપુર) શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૫/૧૬ રાતના ૯/30 વાગ્યાના સુમારે નીમાબહેન અને તેના પતિ પોતાના મકાનના ધાબા ઉપર સુવા માટે ગયા હતા ત્યારે પડોશમાં રહેતા આરોપી રવિ રાજેન્દ્રભાઇ ધાકડ સાથે નીમાબહેનના પતિ સાથે અગાઉ થયેલ ઝઘડાની અદાવત રાખી ધાબા ઉપર જઈ બોલાચાલી ઝગડો કરી રવિ ધાકડએ નીમાબહેનના પતિ રાજગોપાલ યાજ્ઞિકને ધાબા ઉપરથી ધક્કો મારતા ધાબા ઉપરથી નિચે પટકાતા રાજગોપાલ યાજ્ઞિકને ગંભીર ઈજાઓ થતા સારવાર માટે શારદાબહેન હોસ્પીટલમાં લઇ જતાં ફરજ પરનાં ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એસ.એમ.ચૌધરી ચલાવે છે.

**દુષ્પ્રેરણની ફરીયાદ :-** **સમાચાર યાદી નં.૯૨૦/૧૬**

**ગોમતીપુરઃ** ઓમપ્રકાશ મુરલીધરજી જોષી (રહે.ગામ બડનગર વ્યાસ કોલોની જીલ્લો ઉજ્જૈન મધ્યપ્રદેશ) એ ગોમતીપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે પોતાની પુત્રી સોનુ (ઉ.વ.૩૦) ને તેના પતિ પંકજ ઉમાકાંતભાઈ પાઠક (રહે.પટેલ પરમાનંદની ચાલી ગોમતીપુર) અને સાસુ-સસરાના માનશીક અને શારીરીક ત્રાસ આપવાના કારણે તા.૧૫/૫/૧૬ રાતના ૧૦/૩૦ વાગ્યાના સુમારે સાસરીમાં પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ પોતાની પુત્રી સોનુએ આત્મહત્યા કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ આર જનકાંત ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**અપહરણની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૯૨૧/૧૬**

**બાપુનગરઃ** બિન્દીયાબહેન મહેશભાઈ પટણી (ઉ.વ.૧૩) (રહે.રામેશ્વર કુંભાજીની ચાલી નીલકંઠ હોલની બાજુમાં મેઘાણીનગર) ને તા.૧૫/૫/૧૬ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે બાપુનગર ચાર રસ્તા નજીકથી આરોપી ધમો ઉર્ફે ધમુ ઓમપ્રકાશ ચાવલા (રહે.સોનેરીયા બ્લોક હરદાસનગર બાપુનગર) લગ્ન કરવાની લાલચ આપી લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ બિન્દીયાબહેનના પિતા મુકેશભાઈ પટણીએ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર કે લાડવા ચલાવે છે.

**ઓઢવઃ** તારાબહેન દિનેશભાઈ મકવાણા (ઉ.વ.૧૬) (રહે.મનુ સાહેબના કુવાની ચાલી સીએમસી સામે ઓઢવ) ને તા.૧૨/૫/૧૬ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીક રહેતો આરોપી સબ્બીર ઈન્દ્રીશભાઈ અંસારી લગ્ન કરવાની લાલચ આપી લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ઘર નજીકથી ભગાડી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ તારાબહેનના પિતા દિનેશભાઈ મકવાણાએ તા.૧૬/૫/૧૬ નારોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ મ.પો.કમિ.શ્રી આઈ ડીવીજન ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૯૨૨/૧૬**

**રખિયાલઃ** મધુકરભાઈ શ્યામભાઈ કેજરીવાલ (રહે.કદમ બંગલોઝ હાર્ટની સામે વસ્ત્રાપુર તળાવ પાસે) એ રખિયાલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૫/૧૬ રાતનાં ૯/૦૦ થી તા.૧૬/૫/૧૬ સવારનાં ૯/૦૦ વાગ્યા દરમ્યાન રખિયાલ અનિલ એસ્ટેટ પાસે ગ્રેવીટી ત્રણ રસ્તા પાસે આવેલ દેવી ફેશન નામની કંપનીના ભોયરાનુ શટર તોડી અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, પ્રિન્ટેડ બેડશીટ બોક્ષ નંગ-૪૩ કિંમત રૂપિયા ૧૧,૦૦,૨૮૩/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે જે ચૌધરી ચલાવે છે.

**નરોડાઃ** રાજેશભાઈ વિશ્રામભાઈ રાજપુત (રહે.શિવમ ફ્લેટ દુધનાથ મહાદેવ હોલની સામે જુના વાડજ) એ તા.૧૬/૫/૧૬ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૫/૧૬ કલાક ૯/૩૦ થી તા.૧૫/૫/૧૬ સાંજના ૭/૦૦ વાગ્યા દરમ્યાન નરોડા ગામ એએમટીએસ બસ સ્ટેન્ડ નજીક આવેલ દીપીકા ટાવરમાં આવેલ પોતાની ઓફીસના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઓફીસમાં પ્રવેશ કરી, લેપટોપ નંગ-૨ કિંમત રૂપિયા ૪૦,૦૦૦/- ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી પી સોલંકી ચલાવે છે.

**કરંટ લાગતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૯૨૩/૧૬**

**ગોમતીપુરઃ** અલ્તાફહુસેન કાસમભાઈ મણીયાર (ઉ.વ.૧૫)(રહે.મણીયારવાડા જૈન દેરાસર સામે રાજપુર ગોમતીપુર) તા.૧૬/૫/૧૬ કલાક ૧૨/૩૦ વાગ્યાના સુમારે ઘર નજીક રમતો હતો ત્યારે અચાનક રોડ ઉપર લગાવેલ ઈલેક્ટ્રીક ડી.પી.ને અડી જતા કરંટ લાગ્યો હતો. સારવાર માટે એલ.જી.હોસ્પીટલમાં લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ મૃત જાહેર કર્યો હતો. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોંધી, આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એ એમ રાઠવા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>ત્યજી દીધેલ ભ્રુણ મૃત હાલતમાં મળી આવવા બાબતઃ</u>** **<u>સમાચાર યાદી નં.૯૨૪/૧૬</u>**

**શહેરકોટડાઃ**તા. ૧૫/૫/૧૬ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે નરોડા રોડ અમદુપુરા જી.સી.એસ.હોસ્પીટલ ના દરવાજા બહારથી ત્યજી દીધેલ તાજુ જન્મેલ ભ્રુણ મૃત હાલતમાં મળી આવતા શહેરકોટડા પોલીસે અજાણી વ્યક્તિ વિરૂધ્ધ ગુનો નોધી આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે વી ડીંડોર ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૯૨૫/૧૬**

**રીવરફ્રંટ વેસ્ટઃ અર્પણ બીપીનભાઈ રાવલ** (ઉ.વ.૨૬)(રહે.ઘોડાસર શ્યામલ ચાર ફ્લેટ સ્મૃતિ મંદિરની સામે મણીનગર) એ કોઈ કારણસર તા.૧૫/૫/૧૬ રાતના ૧૧/૦૦૦ વાગ્યા પહેલા કોઈપણ સમયે આંબેડકરબ્રીજ ચંદ્રનગર નજીક નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી, આ અંગેની તપાસ હે.કો.શ્રી આલાભાઈ વજસી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)